1 Late Night registrations should be handled as per ______.

(A) Customer mood (B) Your mood

(C) Company policy (D) Anyway you want

મોડી રાતનું રજિસ્ટ્રેશન ________ મુજબ નિયંત્રિત થવું જોઈએ.

(A) ગ્રાહક મૂડ (B) તમારો મૂડ

(C) કંપનીની નીતિ (D) તમે ઈચ્છો તે રીતે

2 If a casino, house riding track and golf course have been provided within the premises of a hotel then it is ________.

(A) Ski Resort Hotel (B) Heritage Hotel

(C) Resort Hotel (D) Motel

જો હોટેલના પરિસરમાં કેસિનો, હાઉસ રાઈડીંગ ટ્રેક અને ગોલ્ફ કોર્સ પૂરો પાડવામાં આવ્યો હોય તો તે ________ છે.

(A) સ્કી રિસોર્ટ હોટેલ (B) હેરિટેજ હોટેલ

(C) રિસોર્ટ હોટેલ (D) મોટેલ

3 Which of the following states has the maximum number of heritage hotels ?

(A) Uttar Pradesh (B) Rajasthan

(C) Maharashtra (D) Karnataka

નીચેનામાંથી કયા રાજ્યમાં હેરિટેજ હોટેલોની મહત્તમ સંખ્યા છે ?

(A) ઉત્તર પ્રદેશ (B) રાજસ્થાન

(C) મહારાષ્ટ્ર (D) કર્ણાટક

4 What is the purpose of electric kettles in four star and five star hotels ?

(A) So that guests could drink hot water

(B) So that guests could use this water for washing purposes

(C) So that guests could make tea or coffee on their own

(D) None of these

ફોર સ્ટાર અને ફાઈવ સ્ટાર હોટેલમાં ઈલેક્ટ્રિક કેટલ્સનો હેતુ શું છે ?

(A) જેથી મહેમાનો ગરમ પાણી પી શકે

(B) જેથી મહેમાનો આ પાણીનો ઉપયોગ ધોવા માટે કરી શકે

(C) જેથી મહેમાનો જાતે ચા કે કોફી બનાવી શકે

(D) આમાંથી કોઈ નહિ

5 Boatels are generally found in :

(A) Ooty (B) Manali

(C) Srinagar (D) Loktak

બોટલ સામાન્ય રીતે જોવા મળે છે :

(A) ઊટીમાં (B) મનાલીમાં

(C) શ્રીનગરમાં (D) લોકટકમાં



PariksaPath · pariksapath.in

6 The goods or services which have short usage life and can't be stored for the future use are known as _ _ _.

(A) Intangibility
(B) Inseparability
(C) Perishability
(D) Variability

માલ અથવા સેવાઓ કે જે ટૂંકા વપરાશ જીવન ધરાવે છે અને ભવિષ્યના ઉપયોગ માટે સંગ્રહિત કરી શકાતી નથી તેને _ _ _ તરીકે ઓળખવામા આવે છે.

(A) અમૂર્તતા
(B) અવિભાજ્યતા
(C) નાશવંતતા
(D) ચલતા

7 VIP status can be given to guests as :

(A) Every hotel should have VIPs
(B) All the guests need to be treated the same
(C) Guests have to go through special check in procedures
(D) There are occasions when the guest should have special attention because of their social status

મહેમાનોને વીઆઈપી દરજ્જો આપી શકાય છે :

(A) દરેક હોટેલમાં વીઆઈપી હોવા જોઈએ
(B) બધા મહેમાનોને સમાન ગણવાની જરૂર છે
(C) મહેમાનોએ વિશેષ તપાસ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે
(D) મહેમાને તેમની સામાજિક સ્થિતિને કારણે વિશેષ ધ્યાન આપવું જોઈએ એવા પ્રસંગોએ

8 Which of the following is included in an arrival list ?

(A) Alphabetical list of arrivals and departures
(B) Alphabetical list of guest who have arrived
(C) Alphabetical list of guest due to arrive
(D) The name and address of all resident

નીચેનામાંથી કયું આગમન સુચિમાં સામેલ છે ?

(A) આગમન અને પ્રસ્થાનની મૂળાક્ષરોની સુચિ
(B) આવેલા મહેમાનોની મૂળાક્ષરોની યાદી
(C) આવનારા મહેમાનોની મૂળાક્ષરોની સુચિ
(D) તમામ રહેવાસીનું નામ અને સરનામું

9 Which of the following things you must do before allotting a room ?

(A) Take tip from the guest

(B) Cross check the details with guest

(C) Build personal relationship

(D) All of these

રૂમ ફાળવતા પહેલાં તમારે નીચેની કઈ બાબતો કરવી જોઈએ ?

(A) મહેમાન પાસેથી ટીપ લો

(B) મહેમાનની વિગતો તપાસો

(C) વ્યક્તિગત સંબંધો બનાવો

(D) આપેલ બધું જ

10 Who generally stays in a five star hotel ?

(A) Guest of the hotel

(B) Tourist with Extra high budget

(C) Guest of the company that has invited you

(D) Middle budgeted tourist

ફાઈવ સ્ટાર હોટેલમાં સામાન્ય રીતે કોણ રહે છે ?

(A) હોટેલના મહેમાન

(B) ઊંચું બજેટ ધરાવતા પ્રવાસી

(C) કંપનીના મહેમાન જેણે તમને આમંત્રણ આપ્યું છે

(D) મધ્યમ બજેટ પ્રવાસી

11 What is a hotel chain ?

(A) Small hotels

(B) Part of a group having hotels in different locations

(C) Hotels in difficult parts of the country

(D) Hotels which are connected to each other

હોટેલ ચેઈન શું છે ?

(A) નાની હોટેલો

(B) જુદી જુદી જગ્યાએ હોટેલ ધરાવતા જૂથનો ભાગ

(C) દેશના મુશ્કેલ ભાગોમાં હોટેલો

(D) હોટેલ જે એકબીજા સાથે જોડાયેલ છે



PariksaPath · pariksapath.in

12 What is the full form of FSSAI ?

(A) Food Safety Storage Allover India

(B) Food Safety and Standards Association of India

(C) Food Safety and Standards Authority of India

(D) Food Safety Storage All India

FSSAIનું પૂરું નામ શું છે ?

(A) ફૂડ સેફ્ટી સ્ટોરેજ ઓલઓવર ઇન્ડિયા

(B) ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એસોસિયેશન ઓફ ઇન્ડિયા

(C) ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા

(D) ફૂડ સેફ્ટી સ્ટોરેજ ઓલ ઇન્ડિયા

13 In which way marketing can affect menu planning in restaurants ?

(A) Purpose of the guest's visit (B) Demographics

(C) Both (A) and (B) (D) None of these

માર્કેટિંગ કઈ રીતે રેસ્ટોરાંમાં મેનુ આયોજનને અસર કરી શકે છે ?

(A) મહેમાનની મુલાકાતનો હેતુ (B) વસ્તી વિષયક

(C) (A) અને (B) બંને (D) આમાંથી કોઈ નહિ

14 ________ is a personal item generally carried by travelers.

(A) Baggage (B) Baggage tag

(C) Allowance (D) None of these

________ એક વ્યક્તિગત વસ્તુ છે જે સામાન્ય રીતે મુસાફરો દ્વારા વહન કરવામાં આવે છે.

(A) સામાન (B) સામાન ટેગ

(C) ભથ્થું (D) આમાંથી કોઈ નહિ

15 ________ is record of financial transactions happening between the hotel and the guest.

(A) Vouchers (B) Guest accounts

(C) Ledgers (D) Folios

________ હોટેલ અને મહેમાન વચ્ચે થતા નાણાકીય વ્યવહારોનો રેકોર્ડ છે.

(A) વાઉચર (B) મહેમાન ખાતાઓ

(C) ખાતાવહીઓ (D) ફોલિયોસ



PariksaPath · pariksapath.in

16 ______ is a computerized system used to get information about fares, availability, schedules and other travel for materials.

(A) Check – out
(B) Booking
(C) Check in
(D) Computer reservation system

______ એક કમ્પ્યુટરાઈઝ્ડ સિસ્ટમ છે જેનો ઉપયોગ ભાડા, ઉપલબ્ધતા, સમયપત્રક અને સામગ્રી માટે અન્ય મુસાફરી વિશે માહિતી મેળવવા માટે થાય છે.

(A) ચેક-આઉટ
(B) બુકિંગ
(C) ચેક-ઇન
(D) કમ્પ્યુટર રિઝર્વેશન સિસ્ટમ

17 In the parlance of Tourism Industry, Wholesaler is ______.

(A) Tour operator
(B) Airline
(C) Travel agency
(D) Hotel

પ્રવાસન ઉદ્યોગની ભાષામાં, જથ્થાબંધ વેપારી ______ છે.

(A) પ્રવાસ ઓપરેટર
(B) વિમાનતંત્ર
(C) પ્રવાસ સંસ્થા
(D) હોટેલ

18 If a hotel is accepting more bookings than it can accommodate for a particular period, it is called ______.

(A) Upselling
(B) Occupation
(C) Reservations
(D) Overbooking

જો કોઈ હોટેલ ચોક્કસ સમયગાળા માટે સમાવી શકે તેના કરતાં વધારે બુકિંગ સ્વીકારી રહી હોય, તો તેને ______ કહેવામાં આવે છે.

(A) વેચાણ વધારવું
(B) વ્યવસાય
(C) આરક્ષણો
(D) ઓવરબુકિંગ

19 ______ are the Earliest lodging places.

(A) Restaurants
(B) Motels
(C) Inns
(D) None of these

______ પ્રારંભિક નિવાસસ્થાનો છે.

(A) ઉપાહારગૃહ
(B) મોટેલ્સ
(C) ઇન્સ
(D) આમાંથી કોઈ નહિ

20 HRACC stand for.....

(A) Hotel & Restaurant Approval Classification Committee
(B) Hostel & Restaurant Association Classification Counter
(C) Hotel & Reservation Association Classification Committee
(D) Hostel & Reservation Association Classification Counter

HRACC મતલબ........

(A) હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એપ્રૂવલ ક્લાસીફીકેશન કમિટી
(B) હોસ્ટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશન ક્લાસીફીકેશન કાઉન્ટર
(C) હોટેલ એન્ડ રિઝર્વેશન એસોસિએશન ક્લાસીફીકેશન કમિટી
(D) હોસ્ટેલ એન્ડ રિઝર્વેશન એસોસિએશન ક્લાસીફીકેશન કાઉન્ટર



PariksaPath · pariksapath.in

21 Capsule hotels are seen in which of the following countries ?

(A) Malaysia
(B) China
(C) Japan
(D) None of the above

નીચેનામાંથી કયા દેશોમાં કેપ્સુલ હોટેલ જોવા મળે છે ?

(A) મલેશિયા
(B) ચીન
(C) જાપાન
(D) ઉપર્યુક્તમાંથી કોઈ નહિ

22 The portion responsible for the gardens and the landscapes of the hotel premises is known as ______.

(A) Public area supervisor
(B) Gardener
(C) Florist
(D) Horticulturist

બગીચાઓ અને હોટેલ પરિસરના લેન્ડસ્કેપ્સ માટે જવાબદાર ભાગ ______ તરીકે ઓળખાય છે.

(A) પબ્લિક એરિયા સુપરવાઈઝર
(B) માળી
(C) પુષ્પવિક્રેતા
(D) બાગાયતશાસ્ત્રી

23 Identify the functions of a travel agent.

(A) It is accountable to the cancellation of tour
(B) It acts as a ground operator
(C) It retails the package tour
(D) It deals with foreign exchange

ટ્રાવેલ એજન્ટનાં કાર્યો ઓળખો.

(A) તે પ્રવાસ રદ કરવા માટે જવાબદાર છે
(B) તે ગ્રાઉન્ડ ઓપરેટર તરીકે કામ કરે છે
(C) તે પેકેજ ટૂર રિટેલ કરે છે
(D) તે વિદેશી હૂંડિયામણ સાથે વ્યવહાર કરે છે

24 Which of the following things should make guest comfortable ?

(A) Staring at guest
(B) Laughing at guest
(C) Talking with smile
(D) Asking personal questions

નીચેનામાંથી કઈ વસ્તુ મહેમાનને આરામદાયક બનાવવી જોઈએ ?

(A) મહેમાન સામે જોવું
(B) મહેમાન પર હસવું
(C) સ્મિત સાથે વાત
(D) વ્યક્તિગત પ્રશ્નો પૂછવા

25 The main source of income of Travel Agency is ______.

(A) Production
(B) Incentives
(C) Commission
(D) Sales

ટ્રાવેલ એજન્સીની આવકનો મુખ્ય સ્રોત ______ છે.

(A) ઉત્પાદન
(B) પ્રોત્સાહનો
(C) દલાલી
(D) વેચાણ



PariksaPath · pariksapath.in

26 ________ represents "Home away - from - home" concept.

(A) Extended stay facilities (B) Guest house

(C) Farm houses (D) None of these

________ "ઘર-દૂર-ઘર" ખ્યાલ રજૂ કરે છે.

(A) વિસ્તૃત રહેવાની સુવિધાઓ (B) અતિથિગૃહ

(C) ફાર્મ હાઉસ (D) આમાંથી કોઈ નહિ

27 The person who cleans the kitchen is

(A) Kitchen steward (B) Utility worker

(C) Dish washer (D) Pot washer

જે વ્યક્તિ રસોડું સાફ કરે છે તે છે -

(A) રસોડાના કારભારી (B) ઉપયોગિતા કાર્યકર

(C) ડીશ વોશર (D) પોટ વોશર

28 Which of the following needs to be considered while checking for the availability of room ?

(A) Your personal relations with guest

(B) Behavior of guest

(C) Guest request

(D) All of these

રૂમની ઉપલબ્ધતાની તપાસ કરતી વખતે નીચેનામાંથી કયું ધ્યાનમાં લેવાની જરૂર છે ?

(A) મહેમાન સાથે તમારા વ્યક્તિગત સંબંધો

(B) મહેમાનનું વર્તન

(C) મહેમાનની વિનંતી

(D) આ બધું જ

29 American service is also known as ________.

(A) Plate Service (B) Chain Service

(C) Guardian Service (D) All of the above

અમેરિકન સેવાને ________ તરીકે પણ ઓળખવામાં આવે છે.

(A) પ્લેટ સેવા (B) સાંકળ સેવા

(C) વાલી સેવા (D) ઉપરોક્ત તમામ

30 Recaud means

(A) A type of serving bowl (B) A type of dish

(C) An alcohol store (D) All of the above

રિકાડ એટલે

(A) સર્વિંગ બાઉલનો એક પ્રકાર (B) એક પ્રકારની વાનગી

(C) દારૂની દુકાન (D) ઉપરોક્ત તમામ



PariksaPath · pariksapath.in

31 Alcoholic beverages and snacks are served in which place of a hotel ?

(A) Coffee shop
(B) Bar
(C) Lobby
(D) Banquet

હોટેલની કઈ જગ્યાએ આલ્કોહોલિક પીણાં અને નાસ્તો આપવામાં આવે છે ?

(A) કોફી શોપ
(B) બાર
(C) લોબી
(D) ભોજન સમારંભ

32 Which type of restaurant are generally characterized by their elaborate and exclusive menu having special emphasis on the high quality food they serve ?

(A) Specialty restaurants
(B) Fine dining restaurants
(C) All day dining restaurants
(D) None of these

કયા પ્રકારની રેસ્ટોરન્ટ સામાન્ય રીતે તેમના વિસ્તૃત અને વિશિષ્ટ મેનૂ દ્વારા વર્ગીકૃત કરવામાં આવે છે જેમાં તેઓ ઉચ્ચ ગુણવત્તાવાળા ખોરાક પર વિશેષ ભાર મૂકે છે ?

(A) વિશેષ રેસ્ટોરન્ટ્સ
(B) ફાઇન ડાઈનિંગ રેસ્ટોરન્ટ્સ
(C) આખો દિવસ ડાઈનિંગ રેસ્ટોરન્ટ્સ
(D) આમાંથી કોઈ નહિ

33 American term for Alcohol Bar is ________.

(A) Banquet
(B) Back bar
(C) Deli
(D) Dram shop

આલ્કોહોલ બાર માટે અમેરિકન શબ્દ ________ છે.

(A) ભોજન સમારંભ
(B) બેક બાર
(C) ડેલી
(D) ડ્રામ શોપ

34 Which of the following has sub types like Home-based, Business and Leisure ?

(A) Resorts
(B) Hotels
(C) Tour Operators
(D) Travel Agents

નીચેનામાંથી કયામાં પેટા પ્રકારો જેવા કે ઘર આધારિત, વ્યવસાય અને ફુરસદ છે ?

(A) આશ્રયસ્થાન
(B) હોટેલ્સ
(C) ટૂર ઓપરેટરો
(D) ટ્રાવેલ એજન્ટ્સ

35 Customers who are willing to stay for a long period prefer

(A) Motels
(B) Residential Hotels
(C) Resort Hotel
(D) Commercial Hotels

જે ગ્રાહકો લાંબા સમય સુધી રહેવા ઇચ્છુક હોય તેઓ પસંદ કરે છે -

(A) મોટેલ્સ
(B) રહેણાંક હોટેલો
(C) રિસોર્ટ હોટેલ
(D) વ્યાપારી હોટેલો



PariksaPath · pariksapath.in

36 What should you do with guests at the time of check in ?

(A) Ask for any requirement (B) Ask for tip

(C) Tell them your own story (D) Ask personal questions

ચેક-ઈન સમયે મહેમાનો સાથે તમારે શું કરવું જોઈએ ?

(A) કોઈપણ જરૂરિયાત માટે પૂછો (B) ટિપ માટે પૂછો

(C) તેમને તમારી પોતાની વાત કહો (D) વ્યક્તિગત પ્રશ્નો પૂછો

37 ________ is the main feature of a time share establishment.

(A) It is a facility of one star grade

(B) It is a private property

(C) Its rooms or resources are shared by guests or tourists according to specified time schedules

(D) None of the above options

________ તે સમય વહેંચણી સ્થાપનાની મુખ્ય લાક્ષણિકતા છે

(A) તે એક સ્ટાર ગ્રેડની સુવિધા છે

(B) તે ખાનગી મિલકત છે

(C) તેના રૂમ અથવા સંસાધનોને મહેમાનો અથવા પ્રવાસીઓ દ્વારા નિર્ધારિત સમયપત્રક અનુસાર વહેંચવામાં આવે છે

(D) ઉપર્યુક્તમાંથી કોઈ નહિ

38 A Dharamshala is generally suitable for

(A) Families having low income

(B) Businessman who can stay in graded hotels

(C) Only rich merchants

(D) All the above

ધર્મશાળા સામાન્ય રીતે ________ માટે યોગ્ય છે.

(A) ઓછી આવક ધરાવતા પરિવારો

(B) બિઝનેસમેન જે ગ્રેડવાળી હોટેલોમાં રહી શકે છે

(C) માત્ર ધનિક વેપારીઓ

(D) ઉપરોક્ત તમામ

39 What does it mean by Room allocation ?

(A) Securing a vacant ready room (B) Room diary

(C) Having enough rooms (D) Room status

રૂમ ફાળવણીનો અર્થ શું છે ?

(A) ખાલી તૈયાર રૂમની નિશ્ચિતતા (B) રૂમ ડાયરી

(C) પૂરતા ઓરડાઓ છે (D) રૂમની સ્થિતિ



PariksaPath · pariksapath.in

40 What is a guest folio ?

(A) A guest history
(B) A guest resume
(C) A guest report
(D) A guest bill

ગેસ્ટ ફોલિયો શું છે ?

(A) એક મહેમાન ઈતિહાસ
(B) એક મહેમાન રેઝ્યુમે
(C) એક મહેમાન અહેવાલ
(D) એક મહેમાન બિલ

41 How will you ensure that guest are satisfied all the time ?

(A) Guest should be answered their every query
(B) Guest should be attended on every instance of request
(C) Guest should be ignored when you don't have mood to interact
(D) Both (A) and (B)

તમે કેવી રીતે સુનિશ્ચિત કરશો કે મહેમાન હંમેશાં સંતુષ્ટ રહે ?

(A) મહેમાનને તેમના દરેક પ્રશ્નનો જવાબ આપવો જોઈએ
(B) વિનંતીના દરેક અનુરોધ પર મહેમાન હાજર હોવા જોઈએ
(C) જ્યારે તમારો વાતચીત કરવાનો મુડ ન હોય ત્યારે મહેમાનને અવગણવું જોઈએ
(D) (A) અને (B) બંને

42 The guest can enter into large hotels from their

(A) Restaurant
(B) Lobby
(C) Front Office
(D) Reception

મહેમાન ______ પાસેથી મોટી હોટેલોમાં પ્રવેશી શકે છે.

(A) રેસ્ટોરેન્ટ
(B) લોબી
(C) ફ્રન્ટ ઓફિસ
(D) સ્વાગત કક્ષ

43 Which of the following things should be understood by a good Front Office Associate (FOA) ?

(A) Work output requirements
(B) Company's targets
(C) Importance of punctuality
(D) All of these

સારા ફ્રન્ટ ઓફિસ એસોસિયેટ (FOA) દ્વારા નીચેની કઈ બાબતો સમજવી જોઈએ ?

(A) વર્ક આઉટપુટ જરૂરિયાતો
(B) કંપનીનાં લક્ષ્યો
(C) સમયની પાબંદીનું મહત્ત્વ
(D) આપેલ બધાં જ

P.T.O.



PariksaPath · pariksapath.in

44 What is a motel ?

(A) A small hotel

(B) A small hotel on the highway where motorists check in

(C) A large hotel with packing facilities

(D) A hotel with a restaurant

મોટેલ શું છે ?

(A) નાની હોટેલ

(B) હાઈવે પર એક નાની હોટેલ જ્યાં વાહનચાલકો ચેક ઈન કરે છે

(C) પેકિંગ સુવિધાઓ સાથેની મોટી હોટેલ

(D) રેસ્ટોરન્ટ સાથેની હોટેલ

45 In which manner, you should communicate with your Guests ?

(A) As per your mood

(B) Politely

(C) Rudely

(D) All of these

તમારે તમારા મહેમાનો સાથે કઈ રીતે વાતચીત કરવી જોઈએ ?

(A) તમારા મૂડ મુજબ

(B) નમ્રતાથી

(C) અસભ્યપણે

(D) આ બધું જ

46 ________ is a hotel smaller in size having modest boarding and lodging facilities.

(A) Inns (B) Air port Hotel

(C) Resort Hotel (D) Downtown Hotel

________ કદમાં નાની હોટેલ છે જેમાં સાધારણ બોર્ડિંગ અને રહેવાની સુવિધાઓ છે.

(A) ઈન્સ (B) એરપોર્ટ હોટેલ

(C) રિસોર્ટ હોટેલ (D) ડાઉનટાઉન હોટેલ



PariksaPath · pariksapath.in

47 A guest who checks In with no hand bag or luggage is known as — —

(A) No Show (B) Scanty Baggage

(C) VVIP (D) CVGR

કોઈ મહેમાન જે હાથની બેગ કે સામાન વગર ચેક-ઈન કરે છે તેને — — — તરીકે ઓળખવામાં આવે છે.

(A) નો શો (B) અલ્પ સામાન

(C) VVIP (D) CVGR

48 Which of the following is included in Modified American plan ?

(A) None of these

(B) Breakfast + Room rent

(C) Two meals of the day + Room rent

(D) One meal of the day + Room rent

સંશોધિત અમેરિકન યોજનામાં નીચેનામાંથી શેનો સમાવેશ થાય છે ?

(A) આમાંથી કોઈ નહિ

(B) સવારનો નાસ્તો + રૂમ ભાડે

(C) દિવસનું બે ટંકનું ભોજન + રૂમ ભાડે

(D) દિવસનું એક ટંકનું ભોજન + રૂમ ભાડે

49 — — — is Total room sales divided by the number of rooms sold.

(A) Room Occupancy Percentage

(B) Rack Rate

(C) Average Daily Rate

(D) All of Above

______ એટલે કુલ વેચાણપાત્ર રૂમોને વેચાયેલા રૂમની સંખ્યા વડે ભાગવામાં આવે છે.

(A) વ્યસ્ત રૂમની ટકાવારી

(B) રેક દર

(C) સરેરાશ દૈનિક દર

(D) ઉપરોક્ત તમામ

Total Room Sales / No. of Room Sold

P.T.O.



PariksaPath · pariksapath.in

50 A food service operation of a very limited menu having self-service is known as ______.

(A) Bar
(B) Cafeteria
(C) Buffet area
(D) None of these

સ્વ-સેવા ધરાવતા અત્યંત મર્યાદિત મેન્યુનું ફૂડ સર્વિસ ઓપરેશન ______ તરીકે ઓળખાય છે.

(A) બાર
(B) નાસ્તાઘર
(C) ખાનપાનગૃહ વિસ્તાર
(D) આમાંથી કોઈ નહિ

51 ______ is the underlines cloth which is used on a restuarant table.

(A) Demask
(B) Slip cloth
(C) Baize cloth
(D) Serviette

______ અંદરવાઈન કાપડ છે જેનો ઉપયોગ રેસ્ટોરેન્ટ ટેબલ પર થાય છે.

(A) ડેમાસ્ક
(B) ખોલ કાપડ
(C) બાઈઝ કાપડ
(D) નેપકિન

52 The 'Do Not Disturb' cards in any maids trolley generally belong to

(A) Room service supplies
(B) Linen supplies
(C) Guest room supplies
(D) Bathroom supplies

સામાન્ય રીતે કોઈપણ નોકરાણીની ટ્રોલીમાં 'ડુ નોટ ડિસ્ટર્બ' કાર્ડ્સ સંબંધિત છે -

(A) રૂમ સેવા પુરવઠો
(B) લીનન પુરવઠો
(C) ગેસ્ટ રૂમ પુરવઠો
(D) બાથરૂમ પુરવઠો

53 A confirmed reservation guest is generally requested to complete ______ at the time of Check-In.

(A) A Feedback Form
(B) A Registration Form
(C) A Booking Form
(D) A Reservation Form

પુષ્ટિ થયેલ આરક્ષિત મહેમાનને સામાન્ય રીતે ચેક-ઈન સમયે ______ પૂર્ણ કરવા વિનંતી કરવામાં આવે છે.

(A) એક પ્રતિસાદ ફોર્મ
(B) એક નોંધણી ફોર્મ
(C) એક બુકિંગ ફોર્મ
(D) એક આરક્ષણ ફોર્મ

54 The recognition of an approved travel agency is granted initially for 5 years. In India who gives such recognition ?

(A) Ministry of Civil Aviation
(B) Ministry of Culture
(C) Ministry of Railways
(D) Ministry of Tourism

માન્ય ટ્રાવેલ એજન્સીની માન્યતા શરૂઆતમાં 5 વર્ષ માટે આપવામાં આવે છે. ભારતમાં આવી માન્યતા કોણ આપે છે ?

(A) નાગરિક ઉડ્ડયન મંત્રાલય
(B) સંસ્કૃતિ મંત્રાલય
(C) રેલવે મંત્રાલય
(D) પ્રવાસન મંત્રાલય



PariksaPath · pariksapath.in

55 Which of the following things a good Front Office associate should have?
(A) Convincing guest to stay in hotel
(B) Knowledge of organizational procedures
(C) None of these
(D) Both (A) and (B)
સારા ફ્રન્ટ ઓફિસના સહયોગી પાસે નીચેની કઈ બાબતો હોવી જોઈએ ?
(A) મહેમાનોને હોટેલમાં રોકવા મનાવવા
(B) સંસ્થાકીય પ્રક્રિયાઓની જાણકારી
(C) આમાંથી કોઈ નહીં
(D) (A) અને (B) બંને

56 Which of the following is a dining style in which the guest serve themselves ?
(A) Buffet
(B) Cocktail
(C) Banquet
(D) Back bar
નીચેનામાંથી કઈ ડાઈનિંગ સ્ટાઈલ છે જેમાં મહેમાન પોતાની સેવા આપે છે.
(A) ખાનપાનગૃહ
(B) ધુમ્રપ્રદીપક પીણું
(C) ભોજન સમારંભ
(D) બેક બાર

57 According to Guest surveys which of these is the top concern in hotels?
(A) Room is ready when checking in
(B) Cleanliness
(C) Room service at Late night
(D) Must be close to shopping
મહેમાનોના સર્વેક્ષણ મુજબ હોટેલોમાં આમાંથી કઈ ટોચની ચિંતા છે ?
(A) ચેક ઈન કરતી વખતે રૂમ તૈયાર છે
(B) સ્વચ્છતા
(C) મોડી રાત્રે રૂમ સેવા
(D) ખરીદી-સ્થળની નજીક હોવું જોઈએ

58 In the hospitality industry, to be a nice employee, you need ________ to deal with customers and guests, to be a good team player and to get along with others.
(A) Accountability Skills
(B) Interpersonal Skills
(C) Only (A) and (B)
(D) None of these
હોસ્પિટાલિટી ઉદ્યોગમાં, એક સારા કર્મચારી બનવા માટે, તમારે ગ્રાહકો અને મહેમાનો સાથે વ્યવહાર કરવા માટે, એક સારા ટીમ પ્લેયર બનવા માટે અને અન્ય લોકો સાથે જોડાવા માટે ________ ની જરૂર છે.
(A) જવાબદારી કુશળતા
(B) આંતરવૈયક્તિક કુશળતા
(C) માત્ર (A) અને (B)
(D) આમાંથી કોઈ નહિ

59 Which of the following is one of the highest concerns of guest visiting hospitality business?
(A) Location
(B) Comfort
(C) Food and beverage
(D) Security
નીચેનામાંથી કયું અતિથિ આતિથ્ય વ્યવસાયની મુલાકાત લેતા સૌથી વધુ ચિંતા કરે છે?
(A) સ્થાન
(B) આરામ
(C) ખોરાક અને પીણાં
(D) સુરક્ષા

P.T.O.


PariksaPath · pariksapath.in

60 Who would be authorizing the payment of refund to the guests?
(A) Front Office Manager (B) Front Office Supervisor
(C) Guard (D) All of these
મહેમાનોને રિફંડની ચુકવણી માટે કોણ અધિકૃત હશે ?
(A) ફ્રન્ટ ઓફિસ મેનેજર (B) ફ્રન્ટ ઓફિસ સુપરવાઈઝર
(C) રક્ષક (D) આ બધા જ

61 Who among the following is mostly in charge in hotel kitchen?
(A) Executive chef (B) Garden manager
(C) Both of these (D) None of these
નીચેનામાંથી કોણ મોટે ભાગે હોટેલના રસોડામાં ચાર્જ કરે છે ?
(A) પ્રબંધક રસોઈયો (B) ગાર્ડન મેનેજર
(C) આ બંને (D) આમાંથી કોઈ નહિ

62 If a guest comes up to the front desk of hotel and asks you to recommend a good place to eat. How would you respond?
(A) Ask your guest which kind of food they prefer and then offer them nearby options of restaurants to choose from
(B) Recommend guest your friend's restaurant
(C) Tell your guest that you don't know anything as you are new in town
(D) Tell your guest that it is someone else's job and he/she is on leave
જો કોઈ મહેમાન હોટેલના ફ્રન્ટ ડેસ્ક પર આવે અને તમને ખાવા માટે સારી જગ્યાની ભલામણ કરવા કહે છે. તમે કેવો પ્રતિભાવ આપશો ?
(A) તમારા મહેમાનને પૂછો કે તેઓ કયા પ્રકારનું ભોજન પસંદ કરે છે અને પછી તેમને પસંદ કરવા માટે નજીકના રેસ્ટોરન્ટના વિકલ્પો ઓફર કરો.
(B) મહેમાનને તમારા મિત્રની રેસ્ટોરન્ટની ભલામણ કરો.
(C) તમારા અતિથિને કહો કે તમે શહેરમાં નવા હોવાથી તમે કંઈપણ જાણતા નથી.
(D) તમારા મહેમાનને કહો કે તે કોઈ બીજાનું કામ છે અને તે રજા પર છે.

63 A group of people who eat together in one place at the same time is called:
(A) Gathering (B) Group
(C) Banquet (D) None of these
એક જ સમયે એક જ જગ્યાએ એકસાથે ખાતા લોકોના જૂથને કહેવામાં આવે છે.
(A) મેળાવડા (B) જૂથ
(C) ભોજન સમારંભ (D) આમાંથી કોઈ નહિ

64 Resort hotels differentiate themselves from the most other types of hotels by giving :
(A) special activities like horseback riding
(B) meeting rooms and conference rooms
(C) kitchen amenities
(D) food and beverage services
રિસોર્ટ હોટેલો અન્ય પ્રકારની હોટેલોથી પોતાને અલગ પાડે છે.
(A) ઘોડેસવારી જેવી ખાસ પ્રવૃત્તિઓની સવલત આપીને
(B) મીટિંગરૂમ અને કોન્ફરન્સ રૂમ આપીને
(C) રસોડું સુવિધાઓ આપીને
(D) ખોરાક અને પીણાં સેવાઓ આપીને


PariksaPath · pariksapath.in

65 What does "CABANA" mean ?

(A) A room that can have two people with two twin beds adjoining to the swimming pool
(B) A room type designed for disabled people
(C) A room that is with a sofa bed
(D) A room always having private pool attached to the room or a room

'કેબાના'નો અર્થ શું છે ?

(A) સ્વિમિંગ પૂલની બાજુમાં એક રૂમ જેમાં બે જોડિયા પલંગ સાથે બે લોકો હોઈ શકે
(B) વિકલાંગ લોકો માટે રચાયેલ રૂમ પ્રકાર છે.
(C) એક ઓરડો જે સોફા બેડ સાથે છે
(D) રૂમ કે રૂમ સાથે હંમેશાં ખાનગી પૂલ જોડાયેલ હોય છે

66 The hotels floating on the water are ______.

(A) Resort
(B) Lodge
(C) Motel
(D) Floatels

પાણી પર તરતી હોટેલો ______ છે.

(A) રિસોર્ટ
(B) લોજ
(C) મોટેલ
(D) ફ્લોટેલ્સ

67 Uniformed guest services are least likely to be offered by which of the following types of hotels ?

(A) Mid-sized service hotels
(B) Economy or limited service hotel
(C) World-class service hotels
(D) First-class service hotels

યુનિફોર્મ્ડ અતિથિ સેવાઓ નીચેનામાંથી કઈ પ્રકારની હોટેલો દ્વારા આપવામાં આવે તેવી શક્યતા છે ?

(A) મધ્યમ કદની સેવા હોટેલ
(B) કિફાયતી અથવા મર્યાદિત સેવા હોટેલ
(C) વર્લ્ડ ક્લાસ સર્વિસ હોટેલ
(D) ફર્સ્ટ ક્લાસ સર્વિસ હોટેલ

68 ______ is the standard rate charged by hotels from its guests.

(A) Group rate
(B) Rack rate
(C) Package rate
(D) Wholesale rate

______ એ તેના મહેમાનો પાસેથી હોટેલ દ્વારા લેવામાં આવતો પ્રમાણભૂત દર છે.

(A) ગ્રુપ દર
(B) રેક દર
(C) પેકેજ દર
(D) જથ્થાબંધ દર

69 ______ is the place from which guests can buy fresh produce like cold meat, baked items etc.

(A) Banquet
(B) Longue
(C) Deli
(D) All of Above

______ એવી જગ્યા છે જ્યાંથી મહેમાનો તાજા ઉત્પાદનો જેમ કે ઠંડુ માંસ, બેકડ વસ્તુઓ વગેરે ખરીદી શકે છે.

(A) ભોજન સમારંભ
(B) લોન્જ
(C) ડેલી
(D) ઉપરના બધા

lounge

P.T.O.



PariksaPath · pariksapath.in

70 ________ are known as Rooms at different floors or levels and both connected by stairs.

(A) Duplex
(B) Lonai
(C) Suite
(D) Cabana

________ વિવિધ માળ અથવા સ્તરે રૂમ તરીકે ઓળખાય છે અને બંને સીડી દ્વારા જોડાયેલા છે.

(A) ડુપ્લેક્સ
(B) લોનાઈ
(C) સ્યુટ
(D) કબાના

71 In which of the following way a receptionist should behave to give a professional image of the company ?

(A) Have casual and pointless conversations with all visitors
(B) Tell guests any shortcomings in the dress style
(C) Be polite and calm all the times, and deal with all enquiries in a courteous and professional manner
(D) Keep confidential paperwork on the reception desk where all can see it

કંપનીની વ્યાવસાયિક છબી આપવા માટે રિસેપ્શનિસ્ટે નીચેનામાંથી કઈ રીતે વર્તવું જોઈએ.

(A) બધા મુલાકાતીઓ સાથે કેઝ્યુઅલ અને અર્થહીન વાતચીત કરો.
(B) મહેમાનોને ડ્રેસ શૈલીમાં કોઈ ખામીઓ જણાવો.
(C) દરેક સમયે નમ્ર અને શાંત રહો અને તમામ પૂછપરછો સાથે નમ્ર અને વ્યાવસાયિક રીતે વ્યવહાર કરો.
(D) રિસેપ્શન ડેસ્ક પર ગુપ્ત કાગળ રાખો જ્યાં બધા તેને જોઈ શકે.

72 ________ have more than 1000 rooms.

(A) Small hotel
(B) Medium hotel
(C) Mega hotel
(D) Large hotel

________ પાસે 1000થી વધુ રૂમ છે.

(A) નાની હોટેલ
(B) મધ્યમ હોટેલ
(C) મેગા હોટેલ
(D) મોટી હોટેલ

73 Sequence of Guest Cycle:

(A) Reservation> Registration> Checked-In> Checked Out
(B) Registration> Checked-In> Reservation> Checked Out
(C) Reservation> Checked-In> Registration> Checked Out
(D) Reservation> Checked Out> Registration> Checked-In

મહેમાન ચક્રનો ક્રમ :

(A) આરક્ષણ - નોંધણી - ચેક-ઈન - ચેક-આઉટ
(B) નોંધણી - ચેક-ઈન - આરક્ષણ - ચેક-આઉટ
(C) આરક્ષણ - ચેક-ઈન - નોંધણી - ચેક-આઉટ
(D) આરક્ષણ - ચેક-આઉટ - નોંધણી - ચેક-ઈન

74 A room having balcony showing scenic beauty like waterfall or garden or any other such is known as ________.

(A) Cabana
(B) Pent house
(C) Lonai
(D) Suite

એક ઓરડો જેમાં બાલ્કની હોય છે જે ધોધ અથવા ગાર્ડન અથવા અન્ય કોઈ પણ પ્રકારની સુંદરતા દર્શાવે છે તેને ________ તરીકે ઓળખવામાં આવે છે.

(A) કબાના
(B) પેન્ટહાઉસ
(C) લોનાઈ
(D) સ્યુટ



PariksaPath · pariksapath.in

75 ______ types of front office software helps hotel to generate room reports, forecasting reports and revenue reports.
(A) Rooms management software
(B) Reservations management software
(C) General management software
(D) Guest accounting software
ફ્રન્ટ ઓફિસ સોફ્ટવેરના ______ પ્રકારો હોટેલને રૂમ રિપોર્ટ્સ, આગાહી રિપોર્ટ્સ અને રેવન્યુ રિપોર્ટ જનરેટ કરવામાં મદદ કરે છે.
(A) રૂમ મેનેજમેન્ટ સોફ્ટવેર
(B) રિઝર્વેશન મેનેજમેન્ટ સોફ્ટવેર
(C) જનરલ મેનેજમેન્ટ સોફ્ટવેર
(D) મહેમાન એકાઉન્ટિંગ સોફ્ટવેર

76 What does Hotelier mean ?
(A) Owner of the restaurant
(B) Worker of the housekeeping department
(C) Manager or owner of a hotel
(D) Manager of the front office
હોટેલિયરનો અર્થ શું છે ?
(A) રેસ્ટોરન્ટનો માલિક
(B) હાઉસકીપિંગ વિભાગના કર્મચારી
(C) હોટેલનો મેનેજર અથવા માલિક
(D) ફ્રન્ટ ઓફિસના મેનેજર

77 Chef poissonier is associated with:
(A) Meat
(B) Vegetarian
(C) Fish preparation
(D) All of these
શેફ પોઈસોનિયર આ સાથે સંકળાયેલ છે :
(A) માંસ
(B) શાકાહારી
(C) માછલીની તૈયારી
(D) આપેલ બધા જ

78 When was the hotel in India first established ?
ભારતમાં સૌપ્રથમ હોટેલની સ્થાપના ક્યારે થઈ હતી ?
(A) 1947
(B) 1957
(C) 1803
(D) 1903

79 Which of the following are known as Rotels ?
(A) Hotels on land
(B) Hotels on water
(C) Hotels on air
(D) Hotels on train
નીચેનામાંથી કયું રોટેલ્સ તરીકે ઓળખાય છે ?
(A) જમીન પર હોટેલ
(B) પાણી પર હોટેલ
(C) હવામાં હોટેલો
(D) ટ્રેનમાં હોટેલ્સ



PariksaPath · pariksapath.in

80 Which of the following departments receives orders to deliver food and beverages to the rooms of guests ?

(A) Food and Beverage (B) Room Service

(C) Housekeeping (D) Front Office

નીચેનામાંથી કયો વિભાગ મહેમાનોના રૂમમાં ખોરાક અને પીણાં પહોંચાડવાનો આદેશ મેળવે છે ?

(A) ખોરાક અને પીણાં (B) રૂમ સેવા

(C) ઘરકામ (D) ફ્રન્ટ ઓફિસ

81 Which of the following is the 1st 5 star Delux hotel of India ?

(A) Vishal Hotel Delhi (B) Taj Mahal Hotel Mumbai

(C) Ashoka Hotel Delhi (D) Morgan Hotel Bangalore

ભારતની પ્રથમ 5 સ્ટાર ડિલક્સ હોટેલ નીચેનામાંથી કઈ છે ?

(A) વિશાલ હોટેલ દિલ્હી (B) તાજમહેલ હોટેલ મુંબઈ

(C) અશોકા હોટેલ દિલ્હી (D) મોર્ગન હોટેલ બેંગ્લોર

82 ________ Section in the kitchen supplies coffee or tea.

(A) Hot range (B) Still room

(C) Confectionary (D) Cold room

રસોડામાં ________ વિભાગ કોફી અથવા ચા પૂરી પાડે છે.

(A) ગરમ શ્રેણી (B) સ્ટીલ રૂમ

(C) કન્ફેક્શનરી (D) શીત ઓરડો

83 What are you supposed to do if preferred room is not available ?

(A) Allot alternative room (B) Inform them about better hotels

(C) Request the guest to leave (D) All of the above

જો પસંદગીનો રૂમ ઉપલબ્ધ ન હોય તો તમારે શું કરવુ જોઈએ ?

(A) વૈકલ્પિક રૂમ ફાળવો (B) તેમને સારી હોટેલો વિશે જાણ કરો

(C) મહેમાનને વિદાય લેવા વિનંતી કરો (D) ઉપરોક્ત તમામ

84 At a five star (fine dining restaurant). ____ ____ food service style you would expect to have.

(A) "English" service (B) "French" service

(C) "Russian" service (D) "American" service

ફાઈવસ્ટાર (ફાઈન ડાઈનિંગ રેસ્ટોરન્ટ)માં ________ ફૂડ સર્વિસ સ્ટાઈલની તમે અપેક્ષા રાખશો.

(A) 'ઈંગ્લિશ' સેવા (B) 'ફ્રેન્ચ' સેવા

(C) 'રશિયન' સેવા (D) 'અમેરિકન' સેવા



PariksaPath · pariksapath.in

85 Which of the following things should not be done while making a reservation ?

(A) Try asking personal questions as much as you can

(B) Include a description of room types and amenities while giving rate quotes

(C) Provide alternative dates or alternative hotels if dates are not available

(D) Qualify the dates

આરક્ષણ કરતી વખતે નીચેની કઈ બાબતો ન કરવી જોઈએ ?

(A) તમે બની શકે તેટલા વ્યક્તિગત પ્રશ્નો પૂછવાનો પ્રયાસ કરો

(B) દર અવતરણ આપતી વખતે રૂમના પ્રકારો અને સુવિધાઓનું વર્ણન સામેલ કરો

(C) જો તારીખો ઉપલબ્ધ ન હોય તો વૈકલ્પિક તારીખો અથવા વૈકલ્પિક હોટલ પ્રદાન કરો

(D) તારીખોને પાત્ર બનાવો

86 ________ is the best strategy to apply to ensure guest satisfaction.

(A) Overall best quality service in all aspects for the value of the guest's money

(B) Free meal in the hotel's restaurant

(C) Offering a lot of amenities for the guests

(D) Working and clean hotel room and restroom

________ અતિથિના સંતોષની ખાતરી કરવા માટેની શ્રેષ્ઠ વ્યૂહરચના છે -

(A) મહેમાનના પૈસાના મૂલ્ય માટે તમામ પાસાઓની એકંદરે શ્રેષ્ઠ ગુણવત્તાની સેવા

(B) હોટેલની રેસ્ટોરન્ટમાં મફત ભોજન

(C) મહેમાનો માટે ઘણી બધી સુવિધાઓ ઓફર કરવી

(D) હોટેલ રૂમ અને શૌચાલય - સ્વચ્છ રાખવા

87 Which task is not included at the time of check-in ?

(A) Process the payment for the requested room

(B) Prior to issuance of room keys, Confirm the rate to be paid by the guest

(C) Ask and Secure acceptable form of payment from the guest

(D) Make sure the room is vacant and clean

ચેક-ઇન સમયે કયું કાર્ય સામેલ નથી ?

(A) વિનંતી કરેલ રૂમ માટે ચુકવણીની પ્રક્રિયા કરો

(B) રૂમની ચાવીઓ આપતા પહેલાં, મહેમાન દ્વારા ચૂકવવાના દરની પુષ્ટિ કરો

(C) મહેમાન પાસેથી સ્વીકાર્ય ચુકવણીનું સ્વરૂપ પૂછો અને ખાતરી કરો

(D) ખાતરી કરો કે રૂમ ખાલી અને સ્વચ્છ છે

P.T.O.



PariksaPath · pariksapath.in

88 ________ Hotels are small and the owner usually lives on the premises.

(A) Airport hotel

(B) Conference center

(C) Bed and breakfast hotel

(D) Commercial hotel

________ હોટેલ નાની છે અને માલિક સામાન્ય રીતે પરિસરમાં રહે છે.

(A) એરપોર્ટ હોટેલ

(B) પરિષદ કેન્દ્ર

(C) બેડ અને સવારના નાસ્તાવાળી હોટેલ

(D) વ્યાપારી હોટેલ

89 Which of the following statements best explains a preventative security solution ?

(A) Guest rooms should have electronic recordable key entry

(B) Installing cameras on exterior doors, cashiers and cash drawers

(C) Bolt artwork and televisions securely to walls or furniture

(D) All of the above

નીચેનામાંથી કયું નિવેદન નિવારક સુરક્ષા ઉકેલને શ્રેષ્ઠ રીતે સમજાવે છે ?

(A) ગેસ્ટ રૂમમાં ઇલેક્ટ્રોનિક રેકોર્ડ કરી શકાય તેવી કી એન્ટ્રી હોવી જોઈએ

(B) બાહ્ય દરવાજા, કેશિયર અને રોકડ ડ્રોઅર્સ પર કેમેરા લગાવવા

(C) બોલ્ટ આર્ટવર્ક અને ટેલિવિઝન દીવાલો અથવા ફર્નિચરને સુરક્ષિત રાખે

(D) ઉપરોક્ત તમામ

90 ________ and ________ are main differences between food services of Hotel and Restaurant.

(A) Room service, banquet service

(B) Banquet service, multiple restaurants

(C) Room service, staffing

(D) Room service, multiple restaurants

હોટેલ અને રેસ્ટોરન્ટની ખાદ્ય સેવાઓ વચ્ચે ________ અને ________ મુખ્ય તફાવત છે.

(A) રૂમ સેવા, ભોજન સમારંભ સેવા

(B) ભોજન સમારંભ સેવા, બહુવિધ રેસ્ટોરન્ટ્સ

(C) રૂમ સેવા, સ્ટાફિંગ

(D) રૂમ સેવા, બહુવિધ રેસ્ટોરન્ટ્સ



PariksaPath · pariksapath.in

91 ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા કઈ યોજના અન્વયે અનુસૂચિત જાતિના યુવક-યુવતીઓને આઈ.ટી., મેનેજમેન્ટ તથા વાણિજ્ય ઉચ્ચ કૌશલ્ય વર્ધક તાલીમ આપી નોકરી મળે તેવા પ્રયત્નો કરવામાં આવે છે ?

(A) ડો. બાબાસાહેબ આંબેડકર ઉચ્ચ કૌશલ્ય વર્ધક તાલીમ યોજના
(B) સંત શ્રી રવિદાસ ઉચ્ચ કૌશલ્ય વર્ધક તાલીમ યોજના
(C) ડો. સવિતા આંબેડકર ઉચ્ચ કૌશલ્ય વર્ધક તાલીમ યોજના
(D) માઈ રમાબાઈ આંબેડકર ઉચ્ચ કૌશલ્ય વર્ધક તાલીમ યોજના

92 ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા મહિલા શ્રમયોગી લગ્ન સહાય યોજના અંતર્ગત મહિલા શ્રમયોગીઓના પોતાના લગ્ન થાય તેવા કિસ્સામાં 'કન્યાદાન' સ્વરૂપે કેટલી રકમની સહાય આપવામાં આવે છે ?

(A) રૂ. 5,100/-   (B) રૂ. 7,500/-
(C) રૂ. 10,000/-   (D) રૂ. 11,000/-

93 એક લંબચોરસની લંબાઈ તેની પહોળાઈ કરતાં 5 સે.મી. વધારે છે. જો લંબાઈ અને પહોળાઈ બંને 2 સે.મી. વધારીએ, તો નવા લંબચોરસનું ક્ષેત્રફળ મૂળ લંબચોરસના ક્ષેત્રફળ કરતાં 54 ચો. સે.મી. વધારે થાય છે. તો મૂળ લંબચોરસની લંબાઈ અને પહોળાઈ શોધો.

(A) લંબાઈ 10, પહોળાઈ 15 સે.મી.
(B) લંબાઈ 12, પહોળાઈ 7 સે.મી.
(C) લંબાઈ 15 સે.મી., પહોળાઈ 10 સે.મી.
(D) લંબાઈ 18, પહોળાઈ 13 સે.મી.

94 મારી 15 વર્ષ પહેલાંની ઉંમર અને પંદર વર્ષ પછીની ઉંમરનો ગુણોત્તર 5:8 હોય, તો મારી હાલની ઉંમર કેટલી હશે ?

(A) 75 વર્ષ   (B) 85 વર્ષ
(C) 55 વર્ષ   (D) 65 વર્ષ

95 12 માણસો એક કામ 6 દિવસમાં પૂરું કરે છે. જો તે કામ 4 દિવસમાં પૂરું કરવું હોય તો કેટલા માણસો જોઈએ ?

(A) 15 માણસો   (B) 12 માણસો
(C) 18 માણસો   (D) 20 માણસો

96 એક સંમેય સંખ્યાનો અંશ છેદ કરતાં 3 જેટલો ઓછો છે. જો અંશના 3 ગણા કરીએ અને છેદને 20 વધારીએ, તો નવો અપૂર્ણાંક $\frac{1}{8}$ થાય, તો મૂળ અપૂર્ણાંક શોધો.

(A) $\frac{1}{4}$   (B) $\frac{2}{5}$
(C) $\frac{4}{7}$   (D) $\frac{5}{8}$

P.T.O.



PariksaPath · pariksapath.in

97 તેલની એક ટાંકી પર એક નાનો અને એક મોટો એમ બે નળ બેસાડેલા છે. મોટા નળથી ટાંકી ભરતા 5 કલાક થાય છે, જ્યારે નાના નળથી ટાંકી ભરતા 10 કલાક થાય છે. જો બંને નળ એક સાથે ચાલુ કરવામાં આવે તો, ટાંકી કેટલા સમયમાં ભરાઈ જાય ?

(A) 3 કલાક 20 મિનિટ

(B) $3\frac{3}{2}$ કલાક

(C) $\frac{3}{10}$ કલાક

(D) $\frac{2}{10}$ કલાક

98 30% ખોટથી વસ્તુ વેચવાથી તેની મૂ.કિં. અને વે.કિં.નો ગુણોત્તર કેટલો થાય ?

(A) 10:3

(B) 10:7

(C) 5:7

(D) 5:2

99 જાફરભાઈએ 10 રૂપિયે ડઝનના ભાવે 40 ડઝન નારંગી ખરીદી. તેમાંથી અડધા ભાગની નારંગી '4 રૂપિયાની 3'ના ભાવે વેચી. બાકી રહેલી નારંગીમાંથી 20 નારંગી બગડી ગઈ, જે ફેંકી દીધી. વધેલી નારંગી '3 રૂપિયાની 4'ના ભાવે વેચી. જાફરભાઈને મળેલો નફો અથવા ગયેલી ખોટ શોધો. (1 ડઝન = 12 નંગ)

(A) રૂ. 75 ખોટ

(B) રૂ. 85 નફો

(C) રૂ. 85 ખોટ

(D) રૂ. 75 નફો

100 નીચે આપેલા વિકલ્પોમાં કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો.

(A) તરણી

(B) પનાઈ

(C) મછવો

(D) તરંગ

101 શબ્દસમૂહ માટે એક શબ્દનો સાચો વિકલ્પ પસંદ કરો.

ઘોડાના પેટ ફરતો તાણીને બાંધેલો પટ્ટો

(A) કમરપટ્ટો

(B) લગામ

(C) તંગ

(D) પલાણ

102 શબ્દસમૂહ માટે એક શબ્દનો સાચો વિકલ્પ પસંદ કરો.

ચલમ પીવાનો કપડાંનો કકડો -

(A) સાફી

(B) સાકી

(C) સાફો

(D) સફા

103 નીચે આપેલ સાદા વાક્યને જોડતાં યોગ્ય સંયોજકને વિકલ્પમાંથી શોધો.

શિકારીઓ હજુ આવ્યા નહોતા. પછી વાતે વળગ્યા.

(A) એટલે

(B) છતાં

(C) કારણ કે

(D) જ્યારે



PariksaPath · pariksapath.in

104 Find out the correct sentence from the following :

(A) Jay type as good as Soham.

(B) Jay teypes as better as than Soham

(C) Jay types as well as Soham.

(D) Jay not type as good as Soham.

105 Fill in the blank :

Celina Jetly said to Alia Bhatt, "Had your father not discovered 'zero', this budget .................. possible."

(A) will not have been

(B) had been

(C) would have been

(D) would not have been

106 Select opposite gender of the following.

Gander

(A) Gandery (B) Ginder

(C) Goose (D) Geender

107 Fill in the blank :

A child was .................. to Nalini.

(A) borne (B) born

(C) bored (D) beared

108 Fill in the blank.

Will you mind .................... sitting beside you ?

(A) I (B) me

(C) mine (D) my

P.T.O.



PariksaPath · pariksapath.in

109 નીચે આપેલ વાક્યનો કર્મણિપ્રયોગનો સાચો વિકલ્પ શોધો.

સમીર આક્રમક બનીને બોલતો હતો

(A) સમીરથી આક્રમક બનીને બોલાતું હતું

(B) સમીર આક્રમક બની બોલશે

(C) સમીરથી આક્રમક બની જવાયું

(D) સમીરથી આક્રમક બની જાય છે

110 નીચે આપેલા અર્થભેદ : શબ્દભેદમાંથી ખોટો વિકલ્પ શોધો.

(A) સંચિત - ઉઘરાવેલું
(B) સચિંત - ચિંતાવાળું
(C) ગાત્ર - શરીર
(D) ગોત્ર - કુળ

111 નીચે આપેલ શબ્દનો સાચો વિરોધી શબ્દ વિકલ્પમાંથી શોધો.

સ્થાવર

(A) સ્થિવર
(B) જંગમ
(C) જંગલ
(D) સજંગ

112 નીચે આપેલ વાક્યનો પ્રેરકનો સાચો વિકલ્પ શોધો.

હું કવિતા લખું છું

(A) મારી પાસે કવિતા લખાવે છે
(B) મારાથી કવિતા લખાય છે
(C) મારી વડે કવિતા લખાશે
(D) કવિતા કવિથી લખાશે

113 અલંકારનો પ્રકાર વિકલ્પમાંથી શોધો.

મારા ભાઈનું બારમું પતી ગયું.

(A) ઉપમા
(B) વ્યતિરેક
(C) શ્લેષ
(D) વ્યાજસ્તુતિ

114 નીચે આપેલ શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ જણાવો.

વૃથા

(A) વૃદ્ધ
(B) ફોગટ
(C) વૃક્ષ
(D) વાજ

115 તળપદા શબ્દનું શિષ્ટરૂપ આપો.

દાખડો

(A) તકલીફ
(B) દિવસો
(C) પ્રકાશ
(D) દાખલો

116 નીચે આપેલ વાક્યમાંથી રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.

મિહિર હારે થોડો આરામ કરો.........

(A) સાર્વનામિક
(B) ગુણવાચક
(C) ભાવવાચક
(D) માત્રાવાચક



PariksaPath · pariksapath.in

117 નીચે આપેલ વિકલ્પોમાંથી સાચી જોડણી શોધો.

(A) ભુરીશ્રુવા
(B) ખુબસુરત
(C) પરબીડિયું
(D) ખાત્રી

118 નીચે આપેલ શબ્દનો સમાસ ઓળખાવો.

પંચવટી

(A) તત્પુરુષ
(B) કર્મધારય
(C) દ્વિગુ
(D) મધ્યમપદલોપી

119 સરસ્વતીચંદ્રના સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠીનું જન્મસ્થળ જણાવો.

(A) નડિયાદ
(B) વડોદરા
(C) અમદાવાદ
(D) ભરૂચ

120 કવિ ન્હાનાલાલે કોને પ્રાચીનતાના મોતી વર્ષતા છેલ્લા રસમેઘ તરીકે ઓળખાવ્યા છે ?

(A) અખો
(B) પ્રેમાનંદ
(C) શામળ
(D) દયારામ

121 સાહિત્યકાર ગંગાસતી (ગંગાબા ગોહિલ)ની કૃતિ જણાવો.

(A) પવનચક્કી
(B) વધ વંદના
(C) મેરુ રે ડગે
(D) અણસાર

122 સાહિત્યકાર વર્ષા અડાલજાની કૃતિ જણાવો.

(A) મરક મરક
(B) બાલ વંદના
(C) મૂળાક્ષર
(D) ખરી પડેલો ટહુકો

123 નીચે જણાવેલ શબ્દનો અર્થ જણાવો.

- પ્રણિપાત્ય

(A) આધિપત્ય
(B) સંસ્કાર સિંચન
(C) દ્વેષભાવ
(D) નમન

124 નીચે જણાવેલ શબ્દોમાંથી કયો છંદ નથી ?

(A) શાકર
(B) પધ્ધરિ
(C) પયાર
(D) તોટક

P.T.O.



PariksaPath · pariksapath.in

125 Find out the correct word for :

'That cannot be understood.'

(A) Incomprehensible

(B) Incompranciblc

(C) Uncomprihensible

(D) Incomprencible

126 Give plural of :

'Son-in-law'

(A) sons-in-law (B) son-in-laws

(C) son-in-lows (D) son-in-law

127 Give past participle form of :

'Beseech'

(A) beseeched

(B) besought

(C) both (A) and (B)

(D) besoght

128 Find verb form of :

'Woof'

(A) wove (B) woove

(C) weave (D) wave

129 Fill in the blank.

Open the door. .................... ?

(A) did you

(B) are you

(C) will you

(D) should you



PariksaPath · pariksapath.in

130 જાહેર સેવા, પત્રકારિત્વ વગેરે ક્ષેત્રમાં શ્રેષ્ઠ યોગદાન આપનાર વ્યક્તિને મેગ્સેસે એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે. આ એવોર્ડ કયા વર્ષથી આપવાની શરૂઆત કરવામાં આવી ?

(A) 1922
(B) 1942
(C) 1958
(D) 1953

131 ગુજરાતના કવિવર નાનાલાલે તેમની કઈ ચિરસ્મરણીય કૃતિ પ્રસિદ્ધ કરતા પહેલાં ચકોરમાં તેનું કથા-પ્રવચનોરૂપે વાચન કરેલું ?

(A) કૃષ્ણ સંવાદ
(B) હરિસંહિતા
(C) જગત્પ્રેરણા
(D) વિશ્વગીતા

132 ગુજરાત રાજ્યમાં આવેલ સંસ્કૃતિ વનો પૈકી માંગલ્ય વન કયા જિલ્લામાં આવેલ છે ?

(A) સાબરકાંઠા
(B) સુરત
(C) બનાસકાંઠા
(D) જામનગરન

133 ગુજરાત રાજ્યના જિલ્લાઓને તેમના સ્થાપના વર્ષના અનુક્રમ મુજબ દર્શાવો.

(1) પાટણ
(2) મહીસાગર
(3) ગાંધીનગર
(4) તાપી
(5) વલસાડ

(A) (5), (3), (1), (2), (4)
(B) (3), (1), (4), (2), (5)
(C) (4), (3), (2), (1), (5)
(D) (3), (5), (1), (4), (2)

134 અમદાવાદ સ્થિત વિશ્વપ્રસિદ્ધ વેદમંદિરના સ્થાપકનું નામ જણાવો.

(A) સ્વામીશ્રી વેદપ્રકાશજી મહારાજ
(B) સ્વામીશ્રી ગંગેશ્વરાનંદજી મહારાજ
(C) સ્વામીશ્રી અખિલેશ્વરાનંદજી મહારાજ
(D) સ્વામીશ્રી રવિશંકરજી મહારાજ

135 ભારતના સૌપ્રથમ એટર્ની જનરલનું નામ જણાવો.

(A) મુકુલ રોહતગી
(B) એમ. સી. સેતલવાડ
(C) કે. કે. વેણુગોપાલ
(D) રાજીવ મહર્ષિ

136 કયા મહાનુભાવે ઉપરાષ્ટ્રપતિ અને રાષ્ટ્રપતિ એમ બંને હોદ્દા ભોગવ્યા નથી ?

(A) ડો. શંકરદયાળ શર્મા
(B) વી. વી. ગીરી
(C) જ્ઞાની ઝેલસિંઘ
(D) કે. આર. નારાયણન

P.T.O.



PariksaPath · pariksapath.in

137 નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો.

(P) આંદામાન અને નિકોબાર ટાપુઓ — (1) બોમ્બે ઉચ્ચ ન્યાયાલય

(Q) પુડુચેરી — (2) મદ્રાસ ઉચ્ચ ન્યાયાલય

(R) લક્ષદ્વીપ — (3) કેરળ ઉચ્ચ ન્યાયાલય

(S) દાદરા અને નગરહવેલી — (4) કલકત્તા ઉચ્ચ ન્યાયાલય

(A) (Q)-(2), (R)-(1), (P)-(3), (S)-(4)

(B) (R)-(2), (S)-(4), (P)-(1), (Q)-(3)

(C) (P)-(2), (S)-(4), (R)-(3), (Q)-(1)

(D) (P)-(4), (R)-(3), (Q)-(2), (S)-(1)

138 કમ્પ્યુટર ઈમેજને ચોક્કસ સંખ્યામાં રો અને કોલમમાં વિભાજિત કરતાં છેદનબિંદુથી બનતા સેલને શું કહે છે ?

(A) ડોટ્સ
(B) પેકેટ્સ
(C) પિક્સલ
(D) બિટ્સ

139 કમ્પ્યુટર આધારિત તાલીમમાં મલ્ટિમીડિયાના ઉપયોગને ક્યા નામે ઓળખવામાં આવે છે ?

(A) Computer Based Training (CBT)
(B) Multimedia Based Training (MBT)
(C) Network Based Training (NBT)
(D) Technology Based Training (TBT)

140 માઈક્રોસોફ્ટ વિન્ડોઝની કઈ આવૃત્તિમાં સૌપ્રથમ વખત My Computer આઈકોનને રજૂ કરવામાં આવ્યો હતો ?

(A) Windows 3.1
(B) Windows 95
(C) Windows 98
(D) Windows XP

141 MS PowerPoint સ્લાઈડને વધુમાં વધુ કેટલા ટકા Zoom કરી શકાય છે ?

(A) 200%
(B) 300%
(C) 400%
(D) 500%

142 MS Wordમાં શબ્દને પસંદ કરવા માટે કયા વિકલ્પનો ઉપયોગ કરશો ?

(A) F8 એક વખત
(B) F8 બે વખત
(C) F8 ત્રણ વખત
(D) F8 ચાર વખત



PariksaPath · pariksapath.in

143 CCનું પૂરું નામ શું છે ?

(A) Carbon Copy
(B) Cancel Copy
(C) Computer Copy
(D) Computerized Copy

144 WANનું પૂરું નામ શું છે ?

(A) World Area Network
(B) Wide Area Network
(C) Web Area Network
(D) Work Area Network

145 હેન્ડહેલ્ડ કમ્પ્યૂટર અન્ય કયા નામે જાણીતાં છે ?

(A) અલ્ટ્રાબુક
(B) નોટબુક
(C) PDAs
(D) PCs

146 નાઈટ્રોજન વાયુ પૃથ્વીની સપાટીથી સામાન્ય રીતે કેટલા કિ.મી.ની ઊંચાઈ સુધીના વાતાવરણમાં વધુ પ્રમાણમાં હોય છે ?

(A) 130 કિ.મી.
(B) 120 કિ.મી.
(C) 115 કિ.મી.
(D) 110 કિ.મી.

147 વાતાવરણના કયા આવરણને 'આયનાવરણ' તરીકે પણ ઓળખવામાં આવે છે ?

(A) મધ્યાવરણ
(B) ક્ષોભ આવરણ
(C) ઉષ્માવરણ
(D) સમતાપ આવરણ

148 સૂર્યમાંથી જે ગરમી બહાર ફેંકાય છે તે ગરમીનો બે અબજમો ભાગ જ પૃથ્વી તરફ આવે છે. પૃથ્વીની સપાટી અને વાતાવરણની આ ગરમી કે ઉષ્માશક્તિને શું કહેવામાં આવે છે ?

(A) સૂર્યકલંક
(B) ઉષ્માપાત
(C) ઉષ્ણાતાપન
(D) સૂર્યાઘાત

149 ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ દ્વારા માઈક્રો ફાઈનાન્સ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને બિનસરકારી સંસ્થા મારફતે ધિરાણ આપવામાં આવે છે. આ યોજના અન્વયે યોગ્ય સ્વસહાય જૂથના સભ્યોની ઓછામાં ઓછી સંખ્યા કેટલી હોવી જરૂરી છે ?

(A) સાત
(B) તેર
(C) પંદર
(D) વીસ

150 નેશનલ ટ્રસ્ટ એક્ટ કયા વર્ષમાં ઘડવામાં આવ્યો ?

(A) 2003
(B) 1999
(C) 1992
(D) 1990



PariksaPath · pariksapath.in